# ગ્રામીણ સમાજજીવનની ગોઠવણીમાં ડેરી ઉદ્યોગ

ડૉ. કેશવભાઈ જે. ગોટી
લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુર
બનાસકાંઠા (ગુજરાત)

## ૧. પ્રસ્તાવના

ગ્રામીણ સમાજનો ઢાંચો કૃષિ આધારિત ઉદ્યોગ પર છે. ખેતી, પૂરક વ્યવસાય પશુપાલન, ગૃહ ઉદ્યોગ ગ્રામીણ સામાજિક સંગઠનોને ઘાટ આપે છે. આપણી સંસ્કૃતિ પર અનેક દેશની પ્રજા, સત્તાધિશો, અનેક ધર્મોના સંસ્કારો જોવા મળે છે. છેલ્લા ૫૦ વર્ષથી અવારનવાર દુષ્કાળ, પિયતના પાણીની સુવિધાનો અભાવ, વરસાદ આધારિત ખેતી વગેરેને લઇને કાયમી રોજગારી મળી શકતી નથી. જેની સીધી અસર ગ્રામીણ સમાજમાં જોવા મળે છે. જેમ કે, ગરીબી, બેકારી, શિક્ષણનું સ્તર નબળું પડવું વગેરે. પરંતુ ગ્રામીણ સમાજમાં રહેલો કઠિન પરિશ્રમનો ગુણ ગામડાને ગોકુળીયું બનાવવામા મહ્ત્વપૂર્ણ છે. બીજા વિશ્વયુદ્ધ પછી અને અંગ્રેજ અમલદારો તેમજ સૈનિક માટે દૂધ અને દૂધની બનાવટોની માંગ વધી. અમદાવાદ, મુંબઇ અને બીજા મોટા શહેરોમાં ઉદ્યોગો વધતાં ગ્રામ કારીગરો શહેર તરફ વળ્યા. દૂધ, ઘી, માખણ, છાશ અને અન્ય બનાવટોની માંગ વધતાં ખાનગી ડેરી પોલસન, કેવેન્ટર, લોર્ગ, વગેરે ડેરી વિકાસ કરતી રહી. આ ખાનગી-ડેરી દ્વારા ગ્રામીણ દૂધ ઉત્પાદકોનું શોષણ થતાં ખેડૂતોમાં અસંતોષ અને તેમાંથી સહકારી ધોરણે દૂધમંડળી અને જિલ્લા સ્તરે દૂધ ડેરી અસ્તિત્વમાં આવી. આ દૂધ ડેરીઓ દ્વારા નિયમિત અંતરેદૂધના પોષણક્ષમ ભાવો અને અનેકવિધ ગ્રામિણ પશુપાલકો માટેની સામાજિક સેવાઓ મળતાં ગ્રામીણ સમાજજીવનની જરૂરિયાતમાં ડેરી ઉદ્યોગે પ્રાણ પૂર્યા છે. આ ડેરી ઉદ્યોગ ગ્રામીણ સમાજની માંગ છે. સમાજજીવનના દરેક કામો વ્યવહારો, આર્થિક અને સામાજિક કામોમાં ડેરી ઉપયોગી પુરવાર થઇ છે. દૂધનો વ્યવસાય બારે માસ ચાલુ રહે છે. તેથી સમાજ જીવનની ગોઠવણીમાં ડેરી ઉદ્યોગ કઇ રીતે મહ્ત્વનો છે તે માટેનું મારું શોધ પેપર છે.

## ૨. સંશોધનના હેતુઓ

૧. ગ્રામીણ સમાજજીવનમાં આવેલ સામાજિક પરિવર્તનો જાણવા.
૨. ડેરી ઉદ્યોગ દ્વારા અપાતી સામાજિક સેવાઓથી માહિતગાર બનવું.
૩. ડેરીની સેવાઓથી દૂધ ઉત્પાદકોના જીવનની ગોઠવણીમાં આવેલ પરિવર્તન જાણવું.

## ૩. સંશોધનનું કાર્યક્ષેત્ર

પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજ્યના ઉત્તર ભાગમાં આવેલ બનાસકાંઠા જિલ્લાના ૫૫ જેટલાં ગામડાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. આ ગામડાં બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સાથે જોડાયેલાં છે.

## ૪. સંશોધનની પદ્ધતિઓ

૧. મુલાકાત અનુસૂચિ

૨. મહાનુભાવો સાથે રૂબરૂ મૂલાકાત

3. પુસ્તકાલય પદ્ધતિ

ઓછા વરસાદ, પિયતની સુવિધાનો અભાવ, મોટા ઉદ્યોગોનો અભાવ, દર ત્રણ વર્ષે એક વખત સારો ખેતી પાક થવો, ગરીબી અને અક્ષરજ્ઞાનનો અભાવ એ બનાસકાંઠાની આગવી ઓળખ હતી. ગામડાના કર્મઠ ખેડૂતની અથાગ મહેનતને સહકારી તાંતણે બાંધવાનું કામ કર્યુ ગલબાભાઇ નાગજીભાઇ પટેલે. તેને જીવંત રાખ્યું દલુભાઇ દેસાઇ અને તેમની ટીમે. આ કામને વિકસાવી વૈશ્વિક ફલક પર લાવવાનું કામ કર્યું પરથીભાઇ જી. ભટોળની ટીમે. ડેરીએ ગ્રામીણ સમાજની માંગનું પરિણામ છે.  આજે બનાસકાંઠાના દરેક ગામડે દૂધ ઉત્પાદક સહકારી મંડળી કાર્યરત છે. જેના મીઠા ફળો દૂધઉત્પાદકો ભોગવી રહ્યા છે.  આ ગ્રામીણ સમાજજીવનમાં એકરૂપ થવા ડેરી કઇ રીતે સતત અગ્રેસર રહી છે જે આ પ્રમાણે છે.

## ૧. ગ્રામીણ સમાજ જીવનમાં આવેલ સામાજિક પરિવર્તન

ગ્રામીણ સમાજનું નાની મોટી મુશ્કેલીઓ સામે ટકવું અને ટૂંકી આવક, કઠિનાઇઓ કોઠે પડી જવી અને સાદગીપૂર્ણ વ્યવહારોને લઇને  છેલ્લા ઘણા સમયથી અગવડતાભર્યું ગ્રામીણ જીવન ચાલતુ આવ્યું છે. પરંતુ ડેરી ઉદ્યોગ ચાલુ થતાં તેના સામાજિક જીવનમાં પરિવર્તન કયા પ્રકારનું આવ્યુ છે તે નીચે પ્રમાણે છે.

**ડેરી ઉદ્યોગથી સામાજિક પરિવર્તન દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | શિક્ષણનું પ્રમાણ વધવું | ૪૯૩ | ૯૮.૬ |
| ૨ | અંધશ્રધ્ધા ઘટતી | ૩૧૮ | ૫૭.૮ |
| ૩ | ડેરીના પ્રેરણા પ્રવાસેથી નવું સમજવાની તક મળી | ૨૬૬ | ૪૮.૪ |
| ૪ | સમાજમાં છૂતા-છૂત દૂર થઇ | ૨૪૫ | ૪૪.૫ |
| ૫ | ગામમાં એકબીજા સાથે સહકાર અને વિશ્વાસ વધ્યો | ૨૪૭ | ૪૪.૯ |
| ૬ | વ્યવહારિક કામો વાયદા પ્રમાણે થવા લાગ્યા | ૨૬૦ | ૬૫.૫ |
| ૭ | મોભો વધ્યો | ૨૮૧ | ૫૨.૦ |
| ૮ | ગાય-ભેંસ બિમાર થાય તો ભુવાના દોરા-ધાગાના સ્થાને પશુ ચિકિત્સકની સેવા લેતા થયા | ૩૯૬ | ૭૨.૦ |
|  | કુલ | ૫૫૦ | ૧૦૦.૦૦ |

(નોંધ : એક કરતાં વધુ જવાબ મળેલ છે.)

ઉપરોક્ત કોષ્ટકનું અર્થઘટન કરતાં ખ્યાલ આવે છે કે બદલતા સમાજજીવનમાં ડેરી ઉદ્યોગની નિયમિત અંતરે મળતી આવકથી જરૂરી પરિવર્તન આવ્યું છે. જેમાં બાળશિક્ષણનું પ્રમાણ વધવું, દીકરા-દીકરીનાં લગ્ન-આણું, વગેરે કામો વાયદા મુજબ થવા, અને ગાય-ભેંસ બિમાર થાય તો દોરા-ધાગાના સ્થાને પશુચિંકિત્સકની સેવા લેતા થયા. જેની સીધી અસરથી એકધારૂ ઉત્પાદન અને સાચી સમજ ઉભી થઇ છે. જેનું પ્રમાણ ૬૫,૫ થી ૮૯.૬ ટકા જેટલું છે. જ્યારે અંધશ્રધ્ધા ઘટવી, મોભો વધવો, પ્રેરણા પ્રવાસથી નવું સમજવાની તક મળવી, છૂતા-છૂત દૂર થવી અને એક બીજા સાથે સહકાર અને વિશ્વાસ વધ્યો છે. જે મહત્વનાં સામાજિક પરિવર્તનો છે. જેનું પ્રમાણ ૫૭.૮ થી ૪૫.૫ ટકા જેટલું છે. આથી કહી શકાય કે ડેરી ઉદ્યોગથી ગ્રામીણ સમાજજીવનમાં ઇચ્છિત પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તન એ સમાજજીવનને ગોઠવે છે એવો ખ્યાલ આવે છે. બનાસડેરી દૂધ ઉત્પાદકોના હિતમાં અનેક સામાજિક સેવાઓ આપે છે. આ સેવાઓ દૂધના ધંધાને પ્રોત્સાહન આપવા માટે તેમજ ઓછા ખર્ચે ઘેર બેઠાં સેવા ઉપલબ્ધ થાય તે છે. ડેરી દ્વારા આપતી સામાજિક સેવાઓ આ મુજબ છે.

૧. બીમાર પશુના ખીલે પશુચિકિત્સકની સેવા ૧ કલાકમાં મળવી અને તે પણ માત્ર ૧૨૦ રૂપિયામાં.
૨. વાજબી ભાવે પૌષ્ટિક સમતોલ દાણ.
૩. પશુ સુધારણા માટે કૃત્રિમ બીજદાનની સેવા.
૪. દર વર્ષે બોનસ (ભાવફેર રકમ) મળવી.
૫. સભાસદ જૂથ વિમા યોજના.
૬. પશુ વિમા યોજના
૭. ગમાણ સહાય.
૮. ઘાસના ટૂકડા કરવા સુડા સહાય.
૯. પશુ માટે કુલીંગ સિસ્ટમ સહાય.
૧૦. વિના મૂલ્યે વંધ્યત્વ સારવાર કેમ્પ.
૧૧. ગામની દૂધમંડળીમાં કમ્પ્યુટર, ઇલેકટ્રીક વજનકાંટો, મલ્કિ ટેસ્ટીંગ મશીન, દૂધ બગડતું અટકાવવા માટે બલ્ક ચિલીંગ યુનિટ, ઇન્ટરનેટ સુવિધા.
૧૨. વધુ દૂધાળ પશુ માલિકને ઇનામ યોજના.
૧૩. વધુ જથ્થામાં દૂધ વેચનારને ઇનામ.
૧૪. વિનામૂલ્યે રોગપ્રતિકારક રસીકરણ.
૧૫ પ્રેરણા પ્રવાસ પર્યટન.
૧૬. દૂધ દોહન માટે યાંત્રિક મશીન
૧૭. દર પંદર દિવસે કોમ્પ્યુટરાઇઝડ સિસ્ટમથી દૂધના નાણા પૂરા પાડવા.
૧૮. આપત્તિ સમયે પશુ માટે વિનામૂલ્યે દવા, દાણ, ઘાસ, દૂધ, છાશ પૂરાં પાડવાં.

**ડેરીની સેવાથી દૂધ ઉત્પાદકોના વ્યક્તિગત જીવનની ગોઠવણીમાં આવેલ પરિવર્તન આ મુજબ છે.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | દરેક કામોમાં ચોક્કસાઇ આવી | ૧૬૭ | ૩૦.૪ |
| ૨ | સમયની પાબંધી | ૧૪૦ | ૨૫.૪ |
| ૩ | વહેલા ઉઠતા થયા | ૧૨૯ | ૨૩.૫ |
| ૪ | ધંધા પ્રત્યે દિન-પ્રતિદિન જાગૃતિ | ૧૧૪ | ૨૦.૭ |
| | કુલ | ૫૫૦ | ૧૦૦.૦૦ |

ડેરી ઉદ્યોગના વ્યક્તિગત જીવનમાં જે અસરો જોવા મળી છે. તેમાં દૂધ દોહન અને મંડળીમાં દૂધ આપવામાં મોડું ન પડવું, ઋતુમાં આવેલ માદાને ફેળવવાનુ ચુકાઇ જાય તો ગાભણ ન થાય, અને બે વિયાણ વચ્ચેનો ગાળો લંબાય જે વ્યક્તિના જીવન માટે સારૂ નથી. પરિણામે જીવનના દરેક કાર્યો સમયસર અને સારી રીતે પાર પડે તે માટે ગ્રામીણ સમાજ જીવનના દરેક કામોમાં યોગ્ય દિશાની ગોઠવણી થવા લાગી છે. જેનાથી તકના કામો તકે થાય છે અને સમાજજીવનમાં સમરસતા આવે છે.

## ૫. ડેરી ઉદ્યોગથી દૂધ ઉત્પાદકોના સામાજિક જીવનમાં આવેલ પરિવર્તન

કુદરતી વિષમતા અને કાયમી રોજગારીના અભાવે બનાસકાંઠા જિલ્લાના સામાજિક જીવનમાં ઉતાર ચડાવ અને કઠીનાઇઓ આવતી હતી. ડેરી ઉદ્યોગના કારણે તેમાં કેટલાક પરિવર્તનો આવ્યાં અને તેમાં દૂધ ઉત્પાદકોનું જીવન સારી રીતે ગોઠવાયું છે જે સમજવા જેવું છે જેની વિગત આ પ્રમાણે છે.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | સ્થળાંતર કરવું બંધ થયું | ૧૨૬ | ૨૨.૯ |
| ૨ | શાહુકારો અને પૈસાદારોની વેઠપ્રથા દૂર થઇ | ૧૨૧ | ૨૨.૦ |
| ૩ | ઘરના સભ્યોને કામ મળી રહે છે. | ૪૯ | ૮.૯ |
| ૪ | યોગ્ય સમયે નાણાં મળતાં વ્યવહારો સચવાય છે. | ૧૦૩ | ૧૮.૭ |
| ૫ | અન્ય રાજ્યોની જેમ આપઘાતો કરવા પડતા નથી. | ૪૧૭.૫ | |
| ૬ | પશુ વેચીને પણ સામાજિક પ્રસંગો ઉકેલીએ છીએ. | ૧૧૦ | ૨૦.૦ |
| કુલ | | ૫૫૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટકનું અર્થઘટન કરતાં ખ્યાલ આવે છે કે દૂધ પેદા કરવાનાં કામમાં સમયપાલન, તકના કામો તકે કરવા, કાયમી રોજગારી અને નિયમિત અંતરે નાણાં મળવાં, ડેરીની સામાજિક સેવાઓ અને ઘેર બેઠાં દૂધનું માર્કેટ મળવું આ બધાને કારણે સમાજિક જીવનમાં પરિવર્તન આવેલ છે. જેમાં સૌથી મોટું પરિવર્તન ખેતીમાં અવાર-નવાર દુષ્કાળ ને લઇને રોજગારી માટે સ્થળાંતર કરવું પડતું હતું તે હવે બંધ થયું છે. જેનું પ્રમાણ ૨૨.૯ ટકા છે. જેને લઇને સામાજિક વિટંબણા અને બાળશિક્ષણના પ્રશ્નો ઘટયા છે. આ ઉપરાંત ગરીબી અને રોજગારીના અભાવે અવાર નવાર શાહુકારો પાસેથી નાણાં લેવા પડતા હતાં જેને લઇને વેઠપ્રથા અને શોષણ બંધ થયું છે. જે મહત્ત્વનું પરિવર્તન છે. આ ઉપરાંત યોગ્ય સમયે નાણ મળતાવ્યવહારો સચવાય છે. આપઘાત કરવો પડતો નથી. અને પશુ વેચીને પણ સામાજિક અને વ્યવહારિક કાર્યો પાર પાડી શકાય છે. એટલે કે દૂધના વ્યવસાયથી સામાજિક જીવનમાં પરિવર્તન આવેલ છે. અને તે દિશામાં આગળ વધવા માટે જરૂરી ગોઠવણી થતી રહે છે. બનાસકાંઠાના ડેરી ઉદ્યોગની સીધી અસર ગ્રામીણ સમાજજીવન પર પડી છે જેને લઇને સામાજિક, વ્યવહારિક, ધંધાકીય, કામોમાં યોગ્ય દિશાની ગોઠવણી થતાં બનાસકાંઠાની બનાસડેરીનું દૂધ ૧૧ થી ૨૧ ટકા ના દરે વધી રહ્યું છે. અને ૨૦૦૭-૦૮ થી એશિયા ખંડમાં પ્રથમ નંબરની ડેરી બની રહી છે. ૨૦૧૨ના વર્ષે ૧૦,૩૨,૨૧૧

ટન જેટલું દૂધ સંપાદન કરેલ છે. જેના દ્વારા ૩૫૪૯.૮૬ કરોડ રૂપિયાનો વેચાણ વધારો થતાં દૈનિક ૯.૭૨ કરોડ રૂપિયા ગામડાના શ્રમજીવી પરિવારોને મળી રહ્યા છે. જે ભારત અને એશિયા ખંડનું ગૌરવ છે.

ડેરી ઉદ્યોગ એ ગ્રામીણ સમાજની માંગનું પરિણામ છે. આ ગ્રામોદ્યોગથી ગ્રામીણ પરિવારોને કાયમી રોજગારી અને નિયમિત અંતરે નાણાં મળતાં દૂધ ઉત્પાદકોના જીવનમાં સુખાકારી આવી છે એકરીતે કહીએ તો ગામડા ગોકુળિયાં બન્યાં છે. ડેરી ઉદ્યોગથી સમાજ જીવનમાં સહકાર, એકરૂપતા અને સુખાકારી આવી છે. જે દર્શાવે છે કે ગ્રામીણ સમાજજીવનની ગોઠવણીમાં ડેરી ઉદ્યોગ મહત્ત્વનો સાબિત થયો છે.

## સંદર્ભસૂચિ


૧. ચતુર્વેદી, ભારતનો ડેરી ઉદ્યોગ

૨. પટેલ, આર.જી. ગ્રામ અર્થશાસ્ત્ર અને સહકાર

૩. રૂથ, હરેડિયા અમુલ ઇન્ડિયા સ્ટોરી

૪. મુલાણી, હિંમત. સહકાર દર્શન

૫. મેને.ડીરે.બનાસડેરી પાલનપુર બનાસ ડેરી – વાર્ષિક અહેવાલ

૬. શાહ, એ.જી. ગ્રામીણ સમાજશાસ્ત્ર

૭. _______. સામાજિક સંશોધન પધ્ધતિ